


# અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

January 2026 | Issue No. 74 | A monthly newsletter

## નવતર રસોડાની નવીન વાત



પ્રભાતના 'ઊર્જા એક્સેસ' પ્રોજેક્ટના બીજા તબક્કાના સંશોધને સાબિત કર્યું છે કે જ્યારે ટેકનોલોજી અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની જરૂરિયાતો એકબીજા સાથે જોડાય છે, ત્યારે સમાવેશનના નવા દ્વાર ખુલે છે. પોલિયોને કારણે ચાલવાની મર્યાદિત ગતિશીલતા ધરાવતા ગીતાબેન માટે પરંપરાગત રસોઈ પદ્ધતિઓ, ગરમ વાસણો ઉપાડવા કે ગેસ સિલિન્ડર બદલવા જેવા કામો અત્યંત મુશ્કેલ અને અસુરક્ષિત હતા, ખાસ કરીને શિયાળામાં જકડાઈ જતા સ્નાયુઓને લીધે ગરમ વાસણ પકડવું જોખમી બની જતું. પરંતુ, ઇન્ડક્શન અને ઇલેક્ટ્રિક પ્રેશર કૂકર (EPC) ના ઉપયોગે તેમના જીવનમાં અસહજ પરિવર્તન લાવી દીધું છે; EPC ના ટાઈમર અને સુરક્ષિત હેન્ડલિંગ જેવા ફીચર્સે તેમની શારીરિક મહેનત ઘટાડી કાર્યક્ષમતા વધારી છે. ગીતાબેન ઉત્સાહપૂર્વક જણાવે છે કે વર્ષોની આ તકલીફ આટલી સહજતાથી દૂર થશે તે માનવું પણ અઘરું હતું. આ પરિવર્તનમાં તેમના 'લો વિઝન' ધરાવતા સાથી કૌશિકભાઈની ભાગીદારીએ રસોડાને માત્ર રસોઈ બનાવવાનું સ્થળ મટાડી, શીખવા અને પરસ્પર ટેકો આપવાનું એક સહિયારું કેન્દ્ર બનાવ્યું છે. આ જોડીએ સાબિત કર્યું છે કે ઈ-કુકિંગ જેવા આધુનિક સાધનો ન માત્ર જીવનને ગતિશીલ અને સલામત બનાવે છે, પરંતુ ઓછી આવક ધરાવતા વિસ્તારોમાં રસોઈ અંગેની પરંપરાગત માન્યતાઓને બદલીને સાચા અર્થમાં સામાજિક સમાવેશન (Inclusion) પૂરું પાડે છે.





## કાર્યક્રમની ઝલક



**ઉત્તરાયણનો ઉમંગ: આનંદ સાથે શિક્ષણ** : અમદાવાદની જાન્યુઆરી એટલે રંગબેરંગી પતંગોનો ઉત્સવ! પ્રભાત સેન્ટર અને આંગણવાડીના બાળકોએ પતંગ બનાવવાથી લઈને સ્વાદિષ્ટ વાનગીઓની મજા માણી આ તહેવારની ધામધૂમથી ઉજવણી કરી. આ ઉત્સવ માત્ર મનોરંજન પૂરતો સીમિત ન રહ્યો, પરંતુ બાળકો માટે શીખવાની એક નવી તક પણ બન્યો. ઓરિગામિ વર્કશોપ દ્વારા બાળકોએ કાગળ ફોલ્ડ કરતા શીખવાની સાથે વિવિધ આકારોની સમજ મેળવી, તો બીજી તરફ ફિરકીને સાવચેતીપૂર્વક પકડીને આંગળીઓને મજબૂત કરવાની (Fine Motor Skills) કસરત પણ સહજતાથી થઈ ગઈ. પ્રભાતના શુભેચ્છકો અને વાલીઓએ ચીકી, તલ-ગોળના લાડુ, સાત દાણાની ખીચડી અને પતંગોની ભેટ આપીને બાળકોના આ ઉત્સવના આનંદને બમણો કર્યો હતો.

https://www.instagram.com/p/DTkcBmSD7PO/?igsh=MTBiMmo4Z2tuaTduNQ==

---



**પ્રજાસત્તાક દિવસની સન્માન ભેર ઉજણવી** :પ્રભાત માટે પ્રજાસત્તાક પર્વની ઉજવણી હંમેશાં 'વિશેષ' અને પ્રેરણાદાયી હોય છે. આ દિવસે પ્રભાતના બાળકો સંપૂર્ણપણે દેશભક્તિના રંગમાં રંગાયા હતા. હૃદયસ્પર્શી ગીતો અને લયબદ્ધ નૃત્ય દ્વારા બાળકોએ પોતાની રાષ્ટ્રભાવનાની સુંદર અભિવ્યક્તિ કરી હતી. આ સાથે જ, રાષ્ટ્રના સન્માનમાં આયોજિત શિસ્તબદ્ધ પરેડમાં ભાગ લઈને બાળકોએ સૌના મન જીતી લીધા હતા.

---

**રિસોર્સ રૂમના બાળકોની એક્સપોઝર વિઝીટ** : બાળકોને કુદરતી વાતાવરણમાં ખીલવાની તક મળે તે હેતુથી મણીનગર ગુજરાતી શાળા નંબર 4 અને મણીનગર શાળા નંબર 1 ના રિસોર્સ રૂમના બાળકોને SSA સર્વ શિક્ષા અભિયાન ના શિક્ષકો દ્વારા એક્સપોઝર માટે ગાર્ડન માં લઇ જવામાં આવ્યા. બાળકોએ બોલ પાસિંગ, રીંગ થ્રો, ડ્રોઈંગ જેવી પ્રવૃત્તિઓ કરી. સાથે ત્યાં વિવિધ રમતો રમી, રમવાના સાધનો સાથે પ્રવૃતિઓ કરી અને પછી સ્વાદિષ્ટ નાસ્તો કર્યો. સમયાંતરે બાળકો સાથે આ પ્રકારની પ્રવૃતિઓ તેમના સર્વાંગી વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે.



**વિપ્રો ફાઉન્ડેશના પ્રતિનિધિ શ્રી હર્ષલ ભાઈની મુલાકાત** : સમાવેશી આંગણવાડીના આ મહત્વના કાર્યક્રમને વિપ્રો ફાઉન્ડેશનના સહયોગથી નવી મજબૂતી મળી છે. આ સંદર્ભે ફાઉન્ડેશનના પ્રતિનિધિ શ્રી હર્ષલભાઈ મુલાકાત પ્રભાત માટે ખાસ રહી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ્ય વર્તમાન ઇન્ટરવેન્શન અને આગામી દિશા માટે ચિંતન કરવાનો હતો. મણિનગર, વટવા અને બેરલ માર્કેટની આંગણવાડીઓની મુલાકાત દરમિયાન કાર્યપદ્ધતિને સમજ્યા બાદ ટીમ સાથે ઊંડાણપૂર્વક સંવાદ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ તબક્કાની 'હેન્ડહોલ્ડિંગ' પ્રક્રિયા વિષે અનુભવ શેયર કરવામાં આવ્યા. બીજા તબક્કા માટે સરકારી વિભાગો સાથે થયલે સંકલન થી થયેલ બાળકોના સ્ક્રીનીંગ ની પ્રક્રિયા ના કાર્યને તેમણે પ્રસંશા કરી હતી. આ કાર્ય આગળ ના કાર્યક્રમનો પાયો મજબુત કરશે.



આગામી સમયમાં આંગણવાડીમાં થતા કાર્યના અનુભવોના આધારે 'ઓપરેશનલ મોડેલ' તૈયાર કરવાના આયોજન પર ભાર મુકવામાં આવ્યું.

## પ્રશિક્ષણ

**વાલી માર્ગદર્શન અને સ્પીચ થેરાપી સત્ર** : બાળકના સર્વાંગી વિકાસમાં વાલીઓની સચોટ સમજ અને સક્રિય ભાગીદારી અત્યંત મહત્વનો ભાગ ભજવે છે. આ જ હેતુ સાથે, પ્રભાત દ્વારા સમયાંતરે વાલીઓ માટે વિવિધ વિષયો પર માર્ગદર્શન સત્રોનું આયોજન કરવામાં આવે છે. આ મહિને ખાસ 'સ્પીચ થેરાપી' વિષય પર એક ગહન સત્ર યોજવામાં આવ્યું હતું, જેમાં વાલીઓને વ્યાવહારિક અને તકનીકી માહિતી પૂરી પાડવામાં આવી. નિષ્ણાત ડૉ. કિલ્લોલભાઈ દ્વારા દરેક બાળકની વ્યક્તિગત જરૂરિયાત મુજબ 'સ્પીચ પ્લાન' તૈયાર કરવામાં આવ્યો હતો. આ સત્રમાં બાળકની પીવાની, ચાવવાની અને બોલવાની ક્ષમતાને ધ્યાનમાં રાખીને વિશેષ આયોજન કરવામાં આવ્યું. વાલીઓ અને સ્પેશિયલ એજ્યુકેટર્સે સાથે મળીને સ્પીચ એક્સરસાઇઝનું પ્રાયોગિક માર્ગદર્શન મેળવ્યું



આ માધ્યમથી ટીમને સ્પીચ થેરાપીના આધુનિક નિયમો અને પદ્ધતિઓથી પણ માહિતગાર કરવામાં આવી. આ સત્ર વાલીઓ અને એજ્યુકેટર્સ બંને માટે અત્યંત ઉપયોગી દિશાસૂચક રહ્યું.

## એડવોકસી (હિમાયત )

સંશોધન

ઉર્જા અને તેની પહોંચ –2 ના 'ઇન્ક્લુસીવ ઈ કુકિંગ રીસર્ચ' : આપને આ એક્શન રીસર્ચ ને લઈને નિયમિત અપડેટ મળતી રહી છે. આ મહીને આ રીસર્ચના પ્રાઈમારી ઇન્વીસ્ટીગેટર ડો. અમિતા ભક્તા અમદાવાદ આવ્યા. તેમની સાથે ફિલ્ડમાં થઇ રહેલ રીસર્ચની અપડેટ આપવામાં આવી અને આગામી ડેટા કલેશનનું આયોજન કરવામાં આવ્યું. આ રીસર્ચ દરમ્યાન ડેટા કલેક્શન માટે ઈન્ટરવ્યું, સર્વે, ફોટો વોઈસ અને કુકિંગ ડાયરી નો ઉપયોગ કરવામાં આવ્યો. જેમાં ખુબ જ રસપ્રદ અનુભવો મળી રહ્યા છે.



**સમાવેશી શિક્ષણ અભ્યાસના શ્વેત પત્ર ની અપડેટ** :અનંત નેશનલ યુનિવર્સીટી ના CPPA સાથે સંયુક્ત પહેલના ભાગરૂપે વાઈટ પેપરને આખરી ઓપ આપવા માટે તે વિભાગ ના શ્રી દિવ્યા અને મીત ભાઈ સાથે બેઠક કરવામાં આવી. અને વિશ્લેષણ અને તેને અસરકારક રીતે સરકાર, સંસ્થા, એકેડમિક અને લોકો સુધી કઈ રીતે પહોચશે તે બાબતે ચર્ચા કરવામાં આવી છે.

- વિષયની ઊંડાણપૂર્વક સમજ મેળવવા NIDના પ્રોડક્ટ ડિઝાઇન વિભાગના વિદ્યાર્થીઓએ હોમ વિઝિટ, આંગણવાડી અને 'પ્રભાત' સેન્ટરના બાળકોનું નિરીક્ષણ કરવા માટે ત્રણ ગ્રુપમાં પ્રક્રિયા કરવમાં આવી. આ માટે તેમના દ્વારા બાળકની બેસવાની ખુરશી ને આરામદાયક બને તે રીતે તેમની જરૂરિયાતોનો અભ્યાસ કર્યો. આ સંશોધનના આધારે તૈયાર કરેલી પ્રોડક્ટ્સનું બાળકો અને વાલીઓ સાથે પ્રત્યક્ષ ટેસ્ટિંગ પણ કરવામાં આવ્યું. આ ઇન્ટર્નશિપ દ્વારા વિદ્યાર્થીઓને માત્ર વ્યવહારિક જ્ઞાન જ નહીં, પરંતુ પ્રોડક્ટના નિર્માણથી લઈને તેની વાસ્તવિક ઉપયોગિતા સુધીની પ્રક્રિયાનો એક સમૃદ્ધ અને સામાજિક અનુભવ પ્રાપ્ત થયો છે.



## નેટવર્કિંગ :





**નેન્સી મેકફર્સનની મુલાકાત: પ્રભાત માટે ઉર્જસભર અવસર** : છેલ્લા ઘણા વર્ષોથી શુભેચ્છક અને માર્ગદર્શક એવા પ્રભાત પરિવારના અભિન્ન સભ્ય એવા નેન્સી મેકફર્સનની મુલાકાતે સંસ્થામાં નવી ઉર્જા અને સ્પષ્ટ વિઝનનો સંચાર કર્યો છે. વર્ષ ૨૦૧૭માં તેમના માર્ગદર્શન હેઠળ 'રિફ્લેક્ટિવ પ્રોસેસ' (Reflective Process) હાથ ધરવામાં આવી હતી. પ્રભાતે વિવિધ ક્ષેત્રોમાં કરેલી પ્રગતિનું વિશ્લેષણ જ્યારે તેમની સાથે સાંકળવામાં આવ્યું, ત્યારે તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે ખાસ નોંધ્યું કે, સમયની જરૂરિયાત મુજબ કાર્યનો વિસ્તાર કરવા છતાં પ્રભાત પોતાના મુખ્ય લક્ષ્યોથી વિચલિત થયું નથી, જે ખરેખર સરાહનીય છે. આ મુલાકાત દરમિયાન, તેમણે **'The Water of Systems Change'** ના કોન્સેપ્ટ દ્વારા પ્રભાતના ઉદ્દેશ્યો અને કાર્યપદ્ધતિને વધુ સચોટ બનાવવા માટે ફેસિલિટેશન કર્યું હતું. સંસ્થાકીય સ્તરે આ જ પ્રક્રિયાને આગળ ધપાવવામાં આવશે, જે પ્રભાતની ભાવી દિશા માટે એક મહત્વપૂર્ણ સૂચકાંક (Indicator) બની રહેશે. પ્રભાત સંસ્થા નેન્સી મેકફર્સનનો તેમના અમૂલ્ય સમય અને માર્ગદર્શન બદલ અંતઃકરણપૂર્વક આભાર માને છે.

**IIM A – પ્રભાત ની અસરકારક સહભાગિતા:** પ્રભાતને IIM અમદાવાદ ખાતે સંઘર્ષ 2025-26 ના ભાગ રૂપે એક કલા પ્રદર્શન અને ઓપન માઇકમાં ભાગ લેવાની તક મળી. પ્રભાતે બાળકોની કલાકૃતિઓ અને બનાવેલ વસ્તુઓનું પણ પ્રદર્શન કર્યું, ઉપરાંત, પ્રભાત ના કાર્યનીઝાંખી પ્રેક્ષકો સાથે શેર કરી. આ મુલાકાતમાં પ્રભાતના બાળકો પણ ઉત્સાહ પૂર્વક જોડાયા અને વિદ્યાર્થીઓ સાથે ગ્રેફિટી દિવાલો દોરવા જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો, જે તેને મનોરંજક અને આકર્ષક અનુભવ બનાવ્યો. આ કાર્યક્રમે દૃશ્યતા અને વિનિમય માટે એક મહાન જગ્યા બનાવી. આવી તકો વાતચીતના દ્વાર ખોલે છે, વિચારસરણીને પડકાર આપે છે અને જાહેર જગ્યાઓમાં સમાવેશને પ્રોત્સાહન આપે છે.



## ઘરોબો

ફેબ્રુઆરી માસમાં યોજાનારા મેગા કેમ્પમાં સમુદાયના એક પણ જરૂરિયાતવાળા બાળક બાકી ન રહી જાય તેવા હેતુથી વિવિધ સ્તરે સઘન પ્રચાર-પ્રસારની કામગીરી હાથ ધરવામાં આવી. મણીનગર અને અમરાઈવાડી વિસ્તારની 65 જેટલી આશા વર્કરો સાથે બેઠક યોજી તેમને પ્રભાત સંસ્થાની કામગીરી તેમજ કેમ્પના આયોજનથી માહિતગાર કરવામાં આવ્યા હતા. કાર્યક્ષેત્રમાં આવનાર આંગણવાડીઓમાં અને સ્થાનિક શાળાઓના આચાર્યશ્રીઓ સાથે પરામર્શ કરી વાલીઓના ગ્રુપ સુધી આ સંદેશ પહોંચે તેવી અસરકારક રજૂઆત પણ કરવામાં આવી છે.





વિશેષ, કમ્પોઝીટ રીજીનલ સેન્ટર (CRC), અર્બન હેલ્થ સેન્ટર ખાતે પણ જનજાગૃતિના પ્રયાસો કરવામાં આવ્યા.

## સહાયક સેવાઓ

મેડીકલ સર્ટીફીકેટ 03 , રેલ્વે પાસ માટેના ફોર્મ -02, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -05, પેન્શન માટેના સહાય ફોર્મ -2 ભરવામાં આવ્યા.